ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૪૪.૪ ડીગ્રી
લઘુતમ : ૨૯.૫ ડીગ્રી
ભેજ
સવારે ૭૬ ટકા ● સાંજે ૨૦ ટકા

# સિવિલમાં ફાયર એનઓસી માટે ચેકીંગ

ગાંધીનગર, તા.૩

તાજેતરમાં સુરત ખાતે ટયુશન કલાસીસમાં સર્જાયેલી દુર્ઘટના બાદ રાજયમાં ભરમાં ફાયર તંત્ર સફાળુ જાગીને કામે લાગી ગયું છે. ત્યારે ફાયર એનઓસી ના મળે ત્યાં સુધી શાળા-કોલેજ, સ્પર્ધાત્મક કલાસીસના વર્ગો, હોસ્ટેલ સહિતના એકમો બંધ રાખવામાં આવ્યા છે. અત્યાર સુધી પોલંમપોલ ચાલતા ખાનગી એકમોના સંચાલકો ફાયર એનઓસી મેળવવા માટે દોડ લગાવી છે. ત્યારે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં રોજના હજ્જારો દર્દીઓ અને સગાઓ આવે છે. સિવિલમાં ફાયરના સાધનો હોવા છતા આજદિન સુધી ફાયર એનઓસી નથી. પરંતુ તાજેતરમાં સિવિલ હોસ્પિટલમાં ફાયર બ્રિગેડ દ્વારા ફાયર એનઓસી માટે સિવિલની તમામ બિલ્ડીંગમાં ચેકીંગ હાથ ધરવામાં આવ્યું છે. જેમાં અગ્નિશામક સાધનો અને જરુરી વ્યવસ્થા બાદ ફાયર બ્રિગેડ દ્વારા સિવિલ તંત્રને ફાયર એનઓસી મળી રહે તેવા એંધાણ વર્તાઈ રહ્યા છે.

સુરતમાં સર્જાયેલી દુર્ઘટના બાદ સરકાર સફાળી જાગી છે. સરકારી તેમજ ખાનગી ઈમારતોમાં ફાયર સેફટીનું ચેકીંગ હાથ ધરવામાં આવ્યું છે. ત્યારે ગાંધીનગર સિવિલ હોસ્પિટલને ફાયર એનઓસી નહી હોવાનું ધ્યાને આવ્યું છે. સિવિલ હોસ્પિટલમાં ફાયર એસ્ટીગ્યુઝર એટલે કે અગ્નિશામક સાધનો પર્યાપ્ત હોવાનું દેખાઈ આવે છે. અને સમયાંતરે સિવિલમાં ફાયર સેફટી અંગે તાલિમ આપવામાં આવે છે. તો બીજી તરફ સિવિલમાં ફાયર ઓફિસર અને ફાયર મેનની ભરતી પણ કરવામાં આવી છે. પરંતુ સિવિલમાં ફાયર સેફટી અંગે છેલ્લા એક વર્ષથી કોઈપણ જાતનું તપાસ કરવામાં આવી નથી કે નોટીસ કે પ્રમાણપત્ર આપવામાં આવ્યું નથી. આ કારણે અહી સારવાર માટે આવતા દર્દીઓ તેમજ મુલાકાતીઓ સહિત કર્મચારીઓની જીંદગી ઝોખમાઈ છે. આઠમાળની હોસ્ટેલ બિલ્ડીંગ હોવા છતા ફાયર સેફટી માટેની પાણીની લાઈનો કટાઈ ગઈ છે તેમજ પાણીના ઠેકાણા નથી તબિબિ અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ લાખો રૂપીયાની ફી ઉઘરાવતી જીએમઈઆરએસ સોસાયટી પણ છેંતરપિંડી કરતુ હોય તેમ લાગી રહ્યું છે. ત્યારે સિવિલ તંત્ર પણ ફાયર એનઓસી માટે સફાળુ જાગ્યુ છે. જેથી ફાયર ટીમ દ્વારા તાજેતરમાં સિવિલ હોસ્પિટલ અને મેડીકલ કોલેજ સહિત હોસ્ટેલ માં ફાયરના સાધનોની ચકાસણી કરી હતી. ફાયરના ચેંકીગ બાદ સલાહ સુચન અને જરુરી સાધનો બાદ સિવિલને ફાયર એનઓસી મળે તેવા એંધાણ વર્તાઈ રહ્યા છે.

## કૌશલ્ય લેડીઝ કલબ દ્વારા શ્રમિક પરિવારના બાળકોને આબુ લઈ જવાયા

### કુલ ૪૨ જેટલી શ્રમિક પરિવારની બાળાઓએ આબુ ઓમ શાંતિ ઈશ્વરીય વિશ્વ વિદ્યાલયના સમર કેમ્પમાં ભાગ લીધો





ગાંધીનગર, તા.૩

ગાંધીનગરના કૌશલ્ય લેડીઝ કલબ દ્વારા બોરીજ પ્રાથમિક શાળાની શ્રમિક પરિવારની વિદ્યાર્થીનીઓને ઓમ શાંતિ સેન્ટર આબુ લઈ જવામાં આવી હતી. જયાં બાળાઓએ પાંચેક હજારથી વધુ બાળકો સાથે સંસ્થામાં થતી કલ્ચર વિંગની પ્રવૃત્તિમાં ભાગ લીધો હતો. આ ઉપરાંત બાળાઓને અંબાજીના દર્શન માટે પણ લઈ જવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે સંસ્થા દ્વારા સતત સેવા કાર્યો થતા જ રહે છે.

ગાંધીનગરના વિવિધ ગ્રુપ દ્વારા સમાજસેવાના કાર્યો થઈ રહ્યા છે. તેમાંનું જ એક ગ્રુપ કૌશલ્ય લેડીઝ કલબ સંસ્થાની બહેનો દ્વારા શાળાની બાળાઓને વિવિધ જગ્યાએ પ્રવાસે લઈ જઈ તેમનામાં રહેલી આંતરિક શકિતઓનો વિકાસ થાય તેવા પ્રયત્નો થઈ રહ્યા છે. હાલમાં જ સંસ્થા દ્વારા બોરીજ પ્રાથમિક શાળાની ધો-૫ થી ધો-૮ની બાલિકાઓને આબુ સ્થિત ઓમ શાંતિ ઈશ્વરીય વિશ્વ વિદ્યાલયમાં થતા સમર કેમ્પમાં લઈ જવામાં આવી હતી. જયાં બાળાઓ દ્વારા ગરબો, પંજાબી ડાન્સ, દેશભકિત ગીત એમ વિવિધ છ કૃતિઓ રજૂ કરવામાં આવી હતી. જેમાં ગુજરાતના ગરબાએ ખુબ જ રંગ જમાવ્યો હતો. કેમ્પમાં કુલ ૪૨ બાળાઓએ વિવિધ પ્રવૃત્તિઓમાં ઉત્સાહભેર ભાગ લીધો હતો. બાળાઓને અંબાજી ગબ્બર પણ સંસ્થાના સભ્યો દ્વારા લઈ જવામાં આવી હતી. સંસ્થાના સભ્યો હર્ષાબા ધાંધલ, વૈશાલી જોષી, ગીતાબેન ખુમાણ, હર્ષા પટેલ, પ્રિતિબેન શર્મા, કાશ્મીરાબેન અને જયશ્રીબેન ખેતીયાએ બાળાઓને પ્રોત્સાહન આપ્યું હતું. સમગ્ર વ્યવસ્થા બ્રહ્માકુમારીના તારાદીદી, કૈલાશદીદી દ્વારા પુરી પાડવામાં આવી હતી તથા કડી સર્વ વિદ્યાલયના ચેરમેન સરદારભાઈ પટેલ તરફથી બસની સુવિધા પુરી પાડવામાં આવી હતી. ગાંધીનગરથી મેયર રીટાબેન પટેલ, ડેપ્યુટી મેયર નાજાભાઈ ધાંધર, સ્ટેન્ડિંગ ચેરમેન દેવેન્દ્રસિંહ ચાવડા તથા ગાંધીનગર સમાચારના કૃષ્ણકાન્ત જહાનો પણ આ કાર્યમાં ખાસ સહયોગ રહ્યો હતો.

## ફુડ એન્ડ ડ્રગ્સ કન્ઝયુમર વેલ્ફેર કમિટી પર્યાવરણ દિવસે ૧૦૦ વૃક્ષોનું વાવેતર કરશે

### ડીએસપી કચેરીના કમ્પાઉન્ડમાં યોજાનારા વૃક્ષારોપણના ૫૦ વૃક્ષો મશહુર રાજસ્થાની કલાકાર સ્વ. કવીન હરીશને સમર્પિત કરાશે

આગામી તા. ૫મી જૂને વિશ્વ પર્યાવરણ દિવસને અનુલક્ષીને ગાંધીનગરની ફુડ એન્ડ ડ્રગ્સ કન્ઝયુમર વેલ્ફેર કમિટી દ્વારા વિશેષ ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું છે. એફડીસીડબલ્યુસી આયોજિત આ ઉજવણીમાં શહેરની સેકટર-૨૭ ખાતેની ડીએસપી કચેરી કમ્પાઉન્ડમાં સાંજે ૫.૩૦ કલાકે ૧૦૦ વૃક્ષોનું વાવેતર કરાશે જેમાંથી ૫૦ વૃક્ષો તાજેતરમાં માર્ગ અકસ્માતમાં અવસાન પામેલા રાજસ્થાનના સુવિખ્યાત કલાકાર 'કવીન હરીશ'ને શ્રધ્ધાંજલિ સ્વરૂપે અર્પણ કરાશે. આ સાથે વૃક્ષારોપણ બાદ જરૂરિયાતમંદો માટે ખીચડી છાશના વિતરણ સાથે પગરખાં વિતરણ પણ હાથ ધરાશે.

આજે જે રીતે ગ્લોબલ વોર્મિગની માઠી અસરો અનુભવાઈ રહી છે અને દિવસેને દિવસે તાપમાનનો પારો નવા વિક્રમ સ્થાપવા તરફ ગતિ કરી રહ્યો છે ત્યારે સતત કપાતા વૃક્ષોથી પર્યાવરણને થઈ રહેલા નુકશાનની ગંભીરતા સમજાતી જાય છે. વિશ્વ પર્યાવરણ દિને ૧૦૦ વૃક્ષોનું વાવેતર કરી આ સમસ્યાને હળવી કરવાના પ્રયાસમાં યોગદાન આપવાના હેતુથી એફડીસીડબલ્યુસી આયોજિત વૃક્ષારોપણ કાર્યક્રમમાં ૫૦ વૃક્ષો વિશ્વ પર્યાવરણ દિવસને જયારે ૫૦ વૃક્ષો રાજસ્થાનમાં એફડીસીડબલ્યુસીના હોદ્દેદાર તથા જાણીતા કલાકાર સ્વ. કવીન હરીશને સમર્પિત કરાશે. આ વૃક્ષારોપણ સેકટર-૨૭માં ડીએસપી કચેરીના કમ્પાઉન્ડમાં યોજાશે. વૃક્ષારોપણ બાદ જરૂરિયાતમંદ વર્ગના પરિવારોને ખીચડી છાશ તથા કાળઝાળ ગરમીને અનુલક્ષીન પગરખાંનુ વિતરણ કરાશે. આ ઉજવણીમાં એફડીસીડબલ્યુસીના હોદ્દેદારો તથા સભ્યો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેશે.



સોમવતી અમાસ નિમિત્તે શહેરની બહેનો દ્વારા પીપળે પાણી પીવડાવી પૂજા કરવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે આ દિવસે પિતૃ અમાસ નિમિત્તે પીપળે ૧૦૮ ફેરા ફરી પાણી પીવડાવવાનું મહાત્મ્ય છે. સાથે સાથે આ દિવસે ઉપવાસ કરી દાન દક્ષિણા પણ આપવામાં આવે છે.

### બ્રહ્મસમાજનું ગૌરવ



ગાંધીનગર શહેર જિલ્લા કોંગ્રેસ પ્રવકતા મહામંત્રી તથા સેકટર-૨૧ બ્રહ્મ સમાજના ઉપપ્રમુખ અને શહેરની વિવિધ સંસ્થાઓમાં સેવાકીય પ્રવૃત્તિમાં જોડાયેલા અશ્વિનભાઈ દવેની સુપુત્રી ખુશ્બુ દવેને એમકોમ અંગ્રેજી માધ્યમમાં ૭૦ ટકા મેળવવા બદલ અભિનંદન તથા આગળ ઉત્તરો ઉત્તર પ્રગતિ કરે તેવી શુભેચ્છા.

### નર્મદા કેનાલમાંથી અજાણ્યા પુરૂષનો મૃતદેહ મળ્યો

ગાંધીનગર-અમદાવાદ હાઈ વે પર અંબાપુર નર્મદા કેનાલમાંથી એક અજાણ્યા પુરૂષનો મૃતદેહ મળી આવ્યો છે. સાંજના સાડા છ વાગ્યાના અરસામાં અંદાજીત ૩૫ વર્ષિય ઉંમરના અજાણ્યા પુરૂષનો મૃતદેહ તરતો દેખાયો હતો. જેને પગલે કંટ્રોલ રૂમમાં ફોન કરતા અડાલજ પોલીસની પીસીઆર વાન ઘટના સ્થળે પહોંચી ગઈ હતી. પોલીસે મૃતદેહને બહાર કઢાવી તપાસ કરતા અજાણ્યા પુરૂષ પાસેથી ઓળખનો કોઈ પુરાવો મળી આવ્યો ન હતો.અજાણ્યા પુરૂષે માત્ર શરીરે વાદળી કલરનું નાઈટ પેન્ટ પહેરેલ છે. જેને પગલે અડાલજ પોલીસે મૃતદેહને પીએમ અર્થે મોકલી આપી વાલી વારસોની શોધખોળ આદરી છે.

## કલોલથી ટીંટોડા ગરબા જોવા આવેલા યુવકનું બાઈક ચોરાયું

ગાંધીનગર નજીક આવેલા ટીંટોડા ગામે ગરબા જોવા આવેલા કલોલના યુવકનું બાઈક ગણતરીના કલાકમાં ચોરાઈ જવા પામ્યું હતું. કલોલ રઘુવીર સોસાયટીમાં રહેતા સંદીપ વાસુભાઈ કડીયા ગત તા.૨૭ મે ના રોજ રાત્રે ૧૦ વાગ્યાના અરસામાં પોતાના ભાઈ સાથે ટીંટોડા ગરબા જોવા માટે આવ્યો હતો. ટીંટોડા ખાતે સ્થિત ધનજીભાઈના વાસમાં ગરબાવાળા સ્થાને થી સામાન્ય અંતરે અન્ય વાહનો પાર્ક થયા હતા ત્યાં પોતાનું સ્પ્લેન્ડર બાઈક નં. જી.જે.૧૮.સી.ડી.૪૧૪૦ પાર્ક કર્યુ હતું. માત્ર દોઢ કલાક ગરબા નિહાળ્યા બાદ બંને ભાઈઓ ઘરે જવા માટે નિકળ્યા ત્યારે જોયું તો પોતાનું બાઈક ગાયબ હતું. પાંચ છ દિવસ પોતાના બાઈકની શોધખોળ કર્યા બાદ પણ બાઈક ન મળી આવતા યુવકે આ અંગે પેથાપુર પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે બાઈક ચોરીનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## સે-૭-ડીમાં નિઃશુલ્ક યોગ શિબિરનો પ્રારંભ






ગાંધીનગર, તા.૩

આગામી તા. ૨૧મી જૂને સમગ્ર દેશમાં વિશ્વ યોગ દિવસાની ભવ્ય ઉજવણી કરાશે. જો કે ગાંધીનગરમાં સમગ્ર વર્ષ દરમિયાન 'યોગ-પ્રાણયામ'ની પ્રવૃત્તિ વિવિધ સંસ્થાઓ તથા યોગ ગુરુ યોગ શિક્ષકો દ્વારા સતત ચાલતી રહેતી હોય છે. શહેરમાં જાણીતા યોગ ગુરુ કાનજીભાઈ બાવરી દ્વારા ગઈ કાલે સેકટર-૭-ડીમાં શરુ થયેલ યોગ શિબિરમાં યોગાર્થીઓએ યોગ-પ્રાણાયામની તાલીમ આપી રહ્યા છે.

ડિવાઈન યોગ એન્ડ નેચરોપેથી સેન્ટર દ્વારા આજે સવારથી સેકટર-૭-ડીમાં ચ-૩ સર્કલ નજીકના પ્લોટ નં. ૧૩૨૩/બી-૧ ખાતે પાંચ દિવસીય નિઃશુલ્ક યોગ શિબિરનો પ્રારંભ કરવામાં આવ્યો છે. આ શિબિરમાં યોગ, આયુર્વેદ, નેચરોપેથી તેમજ એકયુપ્રેશર દ્વારા નિરોગી રહેવા તથા સ્વસ્થ જીવન અંગે જરુરી માર્ગદર્શન પુરું પાડવામાં આવી રહ્યુ છે. આ સાથે વિશ્વ યોગ દિવસને અનુલક્ષીને આયુષ મંત્રાલય નિર્દેશિત પ્રોટોકોલ મુજબ યોગની તાલીમ આપવામાં આવી રહી છે. કેમ્પના સમાપને યોગાર્થીઓનો વિવિધ આરોગ્યલક્ષી સુપ, જયુસ, કવાથ કે શરબતનો પ્રસાદ પણ આપવામાં આવી રહ્યો છે.

## ગાંધીનગર પાસપોર્ટ સેવા કેન્દ્ર ઉપયોગી બનશે

### ટૂંક જ સમયમાં પાસપોર્ટ સંબંધિત દરેક કામગીરી ગાંધીનગર સેવા કેન્દ્રથી જ થઈ શકશે

ગાંધીનગર, તા.૩

સરકાર દ્વારા અપાતી દરેક સુવિધાનો પ્રારંભ હવે નગરમાં થઈ ગયો છે. શહેરીજનો માટે પાસપોર્ટ સંબંધિત કાર્ય માટે હવે ગાંધીનગરમાં સે-૧૧ પોસ્ટ ઓફિસ એચ.ઓ.માં પાસપોર્ટ સેવા કેન્દ્ર ખુલ્યુ છે. જેનો સમય સવારે ૯ થી ૫.૩૦ સુધીનો છે. આ કેન્દ્રમાં પાસપોર્ટ એપ્લીકેશન અને વેરીફીકેશન જ થઈ શકે છે પણ ટૂંક જ સમયમાં પાસપોર્ટ સંબંધિત દરેક કામગીરી ગાંધીનગર સેવા કેન્દ્રથી જ થઈ શકશે.

ગાંધીનગરના રહેવાસીઓ માટે હવે પાસપોર્ટ બનાવવું સરળ બન્યું છે. પહેલા જયારે પાસપોર્ટ મુખ્ય કેન્દ્ર અમદાવાદ જ હતું ત્યારે દરેકને ત્યાં એપોઈન્ટમેન્ટ લઈ જવું પડતું અને ઓનલાઈન રજીસ્ટ્રેશનમાં કંઈક તકલીફ પડે તો અમદાવાદ સુધીના ધક્કા ખાવા પડતા હતા પરંતુ પાછલી ૨૭ ડિસેમ્બરથી ગાંધીનગરમાં પાસપોર્ટ સેવાનો પ્રારંભ થઈ ગયો છે. ઉલ્લેખનીય છે કે રાજયના દરેક શહેરમાં હવે આ સુવિધા ઉપલબ્ધ છે.

સે-૧૧ પોસ્ટ ઓફિસ એચ.ઓ. સ્થિત પાસપોર્ટ ઓફિસ સેવા કેન્દ્રમાં હવે ગાંધીનગરના રહેવાસીઓ પાસપોર્ટ એપોઈન્ટમેન્ટ લઈને નવો પાસપોર્ટ બનાવી શકશે અને રીન્યુ પણ કરાવી શકશે. ગાંધીનગર પાસપોર્ટ સેવા કેન્દ્રમાં પાસપોર્ટ એપ્લીકેશન અને વેરીફીકેશન થઈ શકે છે. એટલે કે જે પ્રક્રિયા અમદાવાદ ઓફિસમાં બી કાઉન્ટર સુધી થાય છે તે અહીં થઈ શકશે. આગળના સ્કેનિંગ અને ગ્રાન્ટીંગના કામ માટે ફાઈલ અમદાવાદ જાય છે અને ત્યાંથી ફાઈલ મંજુર થઈને એક મહિના સુધીમાં રીટર્ન આવે છે. જે કાર્ય અમદાવાદ પાસપોર્ટ ઓફિસમાં એપ્લીકેશનથી લઈને ગ્રાન્ટીંગ સુધી લગભગ ૨ થી ૩ કલાકમાં પતે છે તે કાર્ય અહીંથી એપ્લીકેશન અને વેરીફીકેશન સુધીનું જ થતા સ્કેનિંગ અને ગ્રાન્ટીંગ મેઈન ઓફિસ અમદાવાદથી થઈને આવતા ઓછામાં ઓછો એક મહિનો થઈ જાય છે. ઉલ્લેખનીય છે કે ગાંધીનગર પાસપોર્ટ સેવા કન્દ્રમાં રોજના લગભગ ૨૪ જેટલા અરજદારો મુલાકાત લે છે. હવે ટૂંક સમયમાં પાસપોર્ટ સંબંધિત અરજદારોની કોઈ પણ કામગીરી ગાંધીનગર સ્થિત સેવા કેન્દ્ર ખાતેથી જ પૂર્ણ થશે જેથી ગાંધીનગરના અરજદારોએ ફાઈલ ગ્રાન્ટ થઈ આવવાની રાહ મહિના સુધી નહી જોવી પડે.

## વિશ્વ બાઈસિકલ ડે નિમિત્તે સ્વાક મુખ્યલયમાં સાયકલ અભિયાનનું આયોજન








ગાંધીનગર, તા.૩

એમઆઈએએફ અર્જુન સિંહ ડીએફસીની જન્મ શતાબ્દી અને 'વર્લ્ડ બાઈસિકલ ડે'ની ઉજવણી કરવા સ્વાકનાં હેડક્વાર્ટરે ૦૩ જૂન, ૨૦૧૯નાં રોજ સાઈકલિંગ ઈવેન્ટનું આયોજન કર્યું હતું. એમઆઈએએફ અર્જુન સિંહ ઉત્સાહી રમતવીર હતા અને લગભગ આઠ દાયકાની પોતાની ઉત્કૃષ્ટ કારકિર્દીમાં સશસ્ત્ર દળોનાં કર્મચારીઓ વચ્ચે રમતગમતને પ્રોત્સાહન આપવામાં અગ્રેસર હતા. કાર્યક્રમનો ઉદ્દેશ સાયકલને પરિવહનનાં વાજબી અને પર્યાવરણને અનુકૂળ માધ્યમ તરીકે પ્રોત્સાહન આપવાનો હતો, જેનાથી શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય પણ વધે છે તથા સમાજમાં સાયકલ ચલાવવાની સંસ્કૃતિનો વિકાસ પણ થાય છે. ગાંધીનગરમાં સ્વાક મુખ્યાલયનાં ૫૦થી વધુ કર્મચારીઓની ટીમે ૨૧ કિલોમીટર જેટલું સાઈકલિંગ કર્યું હતું.

એર માર્શલ એચ. એસ. અરોરા, એવીએસએમ એડીસી, એર ઓફિસર કમાન્ડિંગ-ઈન-ચીફ, સાઉથ વેસ્ટર્ન એર કમાન્ડ, ગાંધીનગરે વાયુ શક્તિ નગરમાં સાઈકલિંગ ટીમને લીલી ઝંડી આપી હતી. તેમણે સાઈકલિંગની પ્રશંસા કરતા જણાવ્યું હતું કે, એમાં આનંદ મળે છે, સ્વાસ્થ્યમાં સુધારો થાય છે અને સાયકલ સંપૂર્ણપણે પરિવહનનું એક માધ્યમ છે. વળી આ પર્યાવરણ માટે આશીર્વાદરૂપ પણ છે. એર માર્શલે સાઈકલિંગનાં વિવિધ ફાયદા પર ભાર મૂક્યો હતો, તેમણે સાયકલને સરળ, વાજબી, વિશ્વસનિય, સ્વચ્છ અને પર્યાવરણની દૃષ્ટિએ આબોહવાને અનુકૂળ દર્શાવી હતી.